# સામાજિક સંગઠન અને વ્યવસ્થા



દરેક સમાજનું સામાજિક માળખું વિશિષ્ટ હોય છે, તેમ આપણી જ્ઞાતિમાં પણ આગવી સમાજ રચના જોવા મળે છે. આ તસવીરમાં પહેલી હરોળમાં ડાબીથી જમણી બાજુ જોતાં શ્રીમાન નહેન્દ્રલાલ વ્રજદાસ, શ્રીમાન પ્રવીણકુમાર પ્રભુદાસ, શ્રીમાન નાગરદાસ લાલચંદ, શ્રીમાન ગણપતલાલ અમરચંદ, શ્રીમાન વિઠ્ઠલદાસ હરખચંદ, શ્રીમાન નાગરદાસ દેવચંદ, શ્રીમાન વિઠ્ઠલદાસ પ્રાગજી, શ્રીમાન ડૉ. પુષ્પસેન જીવનદાસ, શ્રીમાન વિઠ્ઠલ કરમચંદ, શ્રીમાન પરમાનંદ દુલ્લભ, શ્રીમાન પ્રેમચંદ દેવચંદ, શ્રીમાન પરમાનંદ જીવન, શ્રીમાન રાયચંદ સામજી અને શ્રીમાન અમરચંદ વસરામ જોવા મળે છે; વચ્ચેની હરોળમાં ડાબીથી જમણી બાજુ જોતાં ?,?,?, શ્રીમાન જમનાદાસ મોતીચંદ, શ્રીમાન ભગવાનદાસ વસરામ અને શ્રીમાન મુગટલાલ હરખચંદ જોવા મળે છે; પાછળની હરોળમાં ડાબીથી જમણી બાજુ જોતાં શ્રીમાન રાયચંદ ગુલાબચંદ અને શ્રીમાન સુરેન્દ્રલાલ વસરામ જોવા મળે છે; ઝરૂખામાં ડાબીથી જમણી બાજુ જોતાં શ્રીમાન ચીમનલાલ નરસિંહ, શ્રીમાન પ્રકાશ હરખચંદ, શ્રીમાન કુંદનકુમાર દેવચંદ, શ્રીમાન નરેન્દ્ર ગોકળદાસ, ?, શ્રીમાન ગણપતલાલ ધરમસી અને શ્રીમાન વિનોદચંદ્ર રાયચંદ જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ, ઉર્ફે આપણા જાણીતા શ્રીમાન ભાઈ વિજય લિસ્બો'આ. છબીમાંની વ્યક્તિઓની ઓળખ શ્રીમાન જીતેન્દ્ર ગણપતલાલ, શ્રીમાન વિજય કુમળદાસ, શ્રીમાન પ્રવીણકુમાર પ્રભુદાસ, અને શ્રીમાન નરેન્દ્ર ગોકળદાસે પૂરી પાડેલ છે. કોઈ વ્યક્તિની ઓળખમાં ભૂલ અથવા કમી રહી હોય તો અમારો સંપર્ક કરી સુધારો કરી આપવા માટે આપને અમારી નમ્ર વિનંતિ છે.

દીવમાં વાંઝા, દરજી, ખારવા, વાણિયા, બ્રાહ્મણ, બ્રહ્મક્ષત્રિય, ખાણિયા, કોળી, લુહાર અને સોની વગેરે જ્ઞાતિ સમૂહો પોતપોતાની વિશિષ્ટ જ્ઞાતિનાં નિયમો મુજબ રહે છે. મુસલમાનો, ખોજા અને ખ્રિસ્તીઓ પણ પોતાની કોમના નીતિનિયમોનો અમલ કરતાં શાંતિપૂર્વક રહે છે.

આ બધા જ્ઞાતિના લોકો એક સમૂહમાં સાથે રહે છે. એટલે જ તો દીવ અલગ અલગ મહોલ્લામાં વિભાજીત થયેલ જોવા મળે છે જેવા કે વાણિયાશેરી, કુંભારવાડા, સુથારવાડા, દરજીફળિયું, કોળીવાડા, હરિજનવાસ વગેરે. દરેક જ્ઞાતિના લોકો પરસ્પર અવલંબિત છે અને તે સૌ વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો પણ છે.

દરેક સમાજનું સામાજિક માળખું વિશિષ્ટ હોય છે, તેમ આપણી વાંઝા અને દરજી જ્ઞાતિમાં પણ આગવી સમાજ રચના જોવા મળે છે. દીવમાં વાંઝા તેમજ દરજી જ્ઞાતિને પોતાનું બંધારણ અને જ્ઞાતિનો પટેલ કે મુખી હોય છે. જ્ઞાતિપંચનો આદેશ દરેકે શિરોમાન્ય ગણવો પડે છે. એટલું જ નહિ, પરંતુ જ્ઞાતિના બંધારણનો ભંગ કરનારે જ્ઞાતિનો દંડ પણ ભરવો પડે છે. આ જ્ઞાતિ સમૂહો કોઈ રાજકીય પક્ષોના હિસ્સા બન્યા વિના ફક્ત જ્ઞાતિના કામો કરે છે. આ જ્ઞાતિ પ્રથાના લાભમાં જોઈએ તો એમ કહી શકાય છે કે નાના નાના પ્રશ્નોની પતાવટ માટે ન્યાયાલયમાં જવાને બદલે જ્ઞાતિપંચ જે ન્યાય તોળે તે સૌને માન્ય રાખવો પડે છે.

વાંઝા અને દરજીની કાનૂની વ્યવસ્થા જ્ઞાતિપંચ તરીકે ઓળખાય છે, જે એક નિયત સ્થળે કાર્ય કરે છે, જેને જ્ઞાતિઘર કહેવાય છે. આ જ્ઞાતિપંચમાં પાંચ સભ્યો, એક ખજાનચી તથા એક મુકાદમ હોય છે, અને આ જ્ઞાતિપંચ મત દ્વારા પટેલ (મુખી) ની પસંદગી કરે છે. ઉંમરનું પરિબળ મહત્ત્વનું માપદંડ છે. ચાર વર્ષ પછી પટેલનો કાર્યકાળ બદલાય છે. અન્ય કાર્યોમાં સમાજના પરંપરાગત ધોરણો અને મૂલ્યોની જાળવણીનો સમાવેશ થાય છે. ખજાનચી જ્ઞાતિની નાણાંકીય લેવડદેવડની સંભાળ રાખવાની ફરજ નિભાવે છે. ન્યાય વ્યવસ્થામાં જ્ઞાતિ દ્વારા ફરિયાદી કે લવાદી પક્ષોને મોકલવામાં આવતાં તેડાં મુકાદમ કરે છે. જ્ઞાતિ દ્વારા લેવામાં આવેલ નિર્ણયો કે ચુકાદાઓનું પાલન કરાવવા માટે મુકાદમ પોતાની ફરજ નિભાવે છે. મુકાદમ જ્ઞાતિના વિવિધ પ્રસંગો જેવા કે ઉજાણી, જ્ઞાતિ સભા, અવસાન કે અન્ય કાર્યક્રમોના સંદેશઓની જ્ઞાતિબંધુઓના ઘરે ઘરે જઈને જાહેરાત કરે છે.

ગોત્રના આધારે વાંઝા અને દરજીઓ સત્તર જુદા જુદા પેટા વિભાગોમાં વહેંચાયેલા છે, જે તેઓની અટક તરીકે ઓળખાય છે. દીવમાં આ અટકોના સત્તર જુદા જુદા પેટા વિભાગો છે, જેવા કે વાઘેલા, સોલંકી, યાદવ, પરમાર, રાઠોડ, પઢિયાર, ચુડાસમા, મક્વાણા, શામળ, ગોહિલ, કટારિયા, ઉનેવાળ, જેઠવા, રઘુવંશી, ચૌહાણ, ખરેલ અને વાજા. ગોત્રનો મુખ્ય હેતુ એ લગ્નોનું નિયમન કરવું, વંશજોને શોધી કાઢવા, અને સંસ્કારની વિધિઓમાં ગોત્રીઓને આમંત્રિત કરવાનો છે. તેઓ જ્ઞાતિની અંદર અને ગોત્રની બહાર વૈવાહિક સંબંધો જોડે છે. તેમના વૈવાહિક સંબંધો દીવ જિલ્લા અને મુંબઈ સુધી મર્યાદિત છે. ૧૯૫૪ થી ૧૯૬૧ સુધીના ગાળા દરમિયાન દીવ પ્રદેશનો આર્થિક તેમજ વ્યવસાયીક અવરોધ એ દીવના વાંઝા અને દરજીઓના ગુજરાત, મુંબઈ અને પૂર્વી આફ્રિકાના અન્ય પોર્ટુગીઝ વસાહતોના પડોશી વિસ્તારોમાં સ્થળાંતરનું કારણ બન્યું હતું.

દીવમાં વાંઝા જ્ઞાતિ તેમજ દરજી જ્ઞાતિને પોતાની એક વાડી છે જેમાં સમૂહ ભોજનનું (ઉજાણી) સુંદર આયોજન કરવામાં આવે છે. સાથે ભોજન અને કોઈની પણ ઈર્ષા, દ્વેષ કે અસૂયા ન કરવી એવી ભાવનાઓનો આવિર્ભાવ આ સામાજિક સંરચનામાં જોવા મળે છે. જ્ઞાતિના નેજા હેઠળ સંઘબળથી વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો પણ યોજાતા જોવા મળે છે.



આ તસવીરમાં વાંઝા જ્ઞાતિના ઉજાણી સ્થળ અમરવાડીમાં ભોજન પ્રસાદ તૈયાર થઈ ગયા પછી લોકોના આગમન અને પીરસવાની રાહ જોતાં બેઠેલા સ્વયંસેવકો નજરે પડે છે. આ તસવીરમાં ડાબીથી જમણી બાજુ જોતાં શ્રીમાન વ્રજદાસ હરખચંદ ચૌહાણ, શ્રીમાન રાયચંદ સામજી, શ્રીમાન કૃષ્ણલાલ મોતીચંદ, શ્રીમાન ગણપતલાલ અમરચંદ, ?, શ્રીમાન ત્રમ્બકલાલ પરમાનંદ, શ્રીમાન વિઠ્ઠલદાસ હરખચંદ, શ્રીમાન સુરેન્દ્રલાલ વસરામ, શ્રીમાન નાગરદાસ અભેચંદ, ?, ?, શ્રીમાન કેશવજી ગંગારામ, શ્રીમાન વ્રજદાસ હરખચંદ વાઘેલા અને શ્રીમાન ચંપકલાલ કેશવજી જોવા મળે છે. આ તસવીર ૧૯૫૦ના દાયકામાં શ્રીમાન નાગરદાસ અભેચંદે પાડેલ છે. છબી સૌજન્ય શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસ. છબીમાંની વ્યક્તિઓની ઓળખ શ્રીમાન જીતેન્દ્ર ગણપતલાલ, શ્રીમાન વિજય કુમળદાસ અને શ્રીમાન હસમુખરાય અમરચંદે પૂરી પાડેલ છે. કોઈ વ્યક્તિની ઓળખમાં ભૂલ અથવા કમી રહી હોય તો અમારો સંપર્ક કરી સુધારો કરી આપવા માટે આપને અમારી નમ્ર વિનંતિ છે.



આ તસવીરમાં વાંઝા જ્ઞાતિના ઉજાણી સ્થળ અમરવાડીમાં ભોજનપ્રસાદ તૈયાર થઈ ગયા પછી લોકોના આગમન અને પીરસવાની રાહ જોતાં બેઠેલા સ્વયંસેવકો નજરે પડે છે. આ તસવીરમાં ડાબીથી જમણી બાજુ જોતાં શ્રીમાન વ્રજદાસ હરખચંદ ચૌહાણ, શ્રીમાન રાયચંદ સામજી, શ્રીમાન કૃષ્ણલાલ મોતીચંદ, શ્રીમાન ગણપતલાલ અમરચંદ, ?, શ્રીમાન ત્રમ્બકલાલ પરમાનંદ, શ્રીમાન વિઠ્ઠલદાસ હરખચંદ, શ્રીમાન સુરેન્દ્રલાલ વસરામ, શ્રીમાન નાગરદાસ અભેચંદ અને ? જોવા મળે છે. આ તસવીર ૧૯૫૦ના દાયકામાં શ્રીમાન નાગરદાસ અભેચંદે પાડેલ છે. છબી સૌજન્ય શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસ. છબીમાંની વ્યક્તિઓની ઓળખ શ્રીમાન જીતેન્દ્ર ગણપતલાલ, શ્રીમાન વિજય કુમળદાસ અને શ્રીમાન હસમુખરાય અમરચંદે પૂરી પાડેલ છે. કોઈ વ્યક્તિની ઓળખમાં ભૂલ અથવા કમી રહી હોય તો અમારો સંપર્ક કરી સુધારો કરી આપવા માટે આપને અમારી નમ્ર વિનંતિ છે.



આ તસવીરમા વાંઝા જ્ઞાતિના ઉજાણી સ્થળ અમરવાડીમાં ભોજન પ્રસાદ તૈયાર થઈ ગયા પછી લોકોના આગમન અને પીરસવાની રાહ જોતાં બેઠેલા સ્વયંસેવકો નજરે પડે છે. આ તસવીરમાં ડાબીથી જમણી બાજુ જોતાં, શ્રીમાન રાયચંદ સામજી, શ્રીમાન કૃષ્ણલાલ મોતીચંદ, શ્રીમાન ગણપતલાલ અમરચંદ, ?, શ્રીમાન ત્રમ્બકલાલ પરમાનંદ, શ્રીમાન વિઠ્ઠલદાસ હરખચંદ, શ્રીમાન સુરેન્દ્રલાલ વસરામ, શ્રીમાન નાગરદાસ અભેચંદ, ?, ?, શ્રીમાન કેશવજી ગંગારામ, શ્રીમાન વ્રજદાસ હરખચંદ વાઘેલા અને શ્રીમાન ચંપકલાલ કેશવજી જોવા મળે છે. આ તસવીર ૧૯૫૦ના દાયકામાં શ્રીમાન નાગરદાસ અભેચંદે પાડેલ છે. છબી સૌજન્ય શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસ. છબીમાંની વ્યક્તિઓની ઓળખ શ્રીમાન જીતેન્દ્ર ગણપતલાલ, શ્રીમાન વિજય કુમળદાસ અને શ્રીમાન હસમુખરાય અમરચંદે પૂરી પાડેલ છે. કોઈ વ્યક્તિની ઓળખમાં ભૂલ અથવા કમી રહી હોય તો અમારો સંપર્ક કરી સુધારો કરી આપવા માટે આપને અમારી નમ્ર વિનંતિ છે.



આ તસવીરમાં વાંઝા જ્ઞાતિના ઉજાણી સ્થળ અમરવાડીમાં ભોજન પ્રસાદ તૈયાર થઈ ગયા પછી લોકોના આગમન અને પીરસવાની રાહ જોતાં બેઠેલા સ્વયંસેવકો નજરે પડે છે. આ તસવીરમાં ડાબીથી જમણી બાજુ જોતાં, શ્રીમાન નહેન્દ્રલાલ વ્રજદાસ, શ્રીમાન વ્રજદાસ હરખચંદ ચૌહાણ, શ્રીમાન રાયચંદ સામજી, શ્રીમાન કૃષ્ણલાલ મોતીચંદ, શ્રીમાન ગણપતલાલ અમરચંદ, શ્રીમાન નરેન્દ્ર નાગરદાસ, શ્રીમાન ત્રમ્બકલાલ પરમાનંદ, શ્રીમાન વિઠ્ઠલદાસ હરખચંદ, શ્રીમાન સુરેન્દ્રલાલ વસરામ, શ્રીમાન નાગરદાસ અભેચંદ, ?, શ્રીમાન કેશવજી ગંગારામ, શ્રીમાન વ્રજદાસ હરખચંદ વાઘેલા અને શ્રીમાન ચંપકલાલ કેશવજી જોવા મળે છે. આ તસવીર ૧૯૫૦ના દાયકામાં શ્રીમાન નાગરદાસ અભેચંદે પાડેલ છે. છબી સૌજન્ય શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસ. છબીમાંની વ્યક્તિઓની ઓળખ શ્રીમાન જીતેન્દ્ર ગણપતલાલ, શ્રીમાન વિજય કુમળદાસ, શ્રીમાન હસમુખરાય અમરચંદ અને શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસે પૂરી પાડેલ છે. કોઈ વ્યક્તિની ઓળખમાં ભૂલ અથવા કમી રહી હોય તો અમારો સંપર્ક કરી સુધારો કરી આપવા માટે આપને અમારી નમ્ર વિનંતિ છે.



આ તસવીરમાં ઉજાણી જમવા માટે આવેલ જ્ઞાતિના ભાઈઓ અને બહેનો અમરવાડીની બહાર આતૂરતા પૂર્વક અંદર જવા માટે ઊભેલા નજરે પડે છે. આ તસવીરમાં શ્રીમતી વનિતા લવચંદ, શ્રીમતી નરબદા ગોકળદાસ, શ્રીમતી લલિતા કસ્તૂરચંદ, શ્રીમતી રતનબાઈ ભવાનીદાસ તેમજ જ્ઞાતિના બીજા અન્ય લોકો જોવા મળે છે. શ્રીમાન ગોર નંદરામ મૂળજી જોશી અને શ્રીમાન ગોર પ્રદ્યુમન હરજીવન સ્માર્ત પણ આપણી જ્ઞાતિજનોને ચાંદલા કરતા નજરે પડે છે. આ તસવીર ૧૯૫૦ના દાયકામાં શ્રીમાન નાગરદાસ અભેચંદે પાડેલ છે. છબી સૌજન્ય શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસ. છબીમાંની વ્યક્તિઓની ઓળખ શ્રીમાન જીતેન્દ્ર ગણપતલાલે પૂરી પાડેલ છે. કોઈ વ્યક્તિની ઓળખમાં ભૂલ અથવા કમી રહી હોય તો અમારો સંપર્ક કરી સુધારો કરી આપવા માટે આપને અમારી નમ્ર વિનંતિ છે.



આ તસવીરમાં અમરવાડીનો અંદરનાં મધ્યભાગનો વાડો અને ઉજાણી જમવા આવેલ ભાઈઓ તથા બહેનો નજરે પડે છે. આ તસવીરમાં શ્રીમાન અજીતસિંહ ધરમસી નજરે પડે છે. આ તસવીર ૧૯૫૦ના દાયકામાં શ્રીમાન નાગરદાસ અભેચંદે પાડેલ છે. છબી સૌજન્ય શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસ. છબીમાંની વ્યક્તિઓની ઓળખ શ્રીમાન વિજય કુમળદાસે પૂરી પાડેલ છે. કોઈ વ્યક્તિની ઓળખમાં ભૂલ અથવા કમી રહી હોય તો અમારો સંપર્ક કરી સુધારો કરી આપવા માટે આપને અમારી નમ્ર વિનંતિ છે.

વાંઝા અને દરજી એક વખતે એક જ વ્યક્તિ સાથે લગ્નસંબંધ હોવાનો રિવાજ પાળે છે. લગ્નયોગ્ય વય અઢારથી પચીસ વર્ષ સુધીની હોય છે. લગ્નની માંગણી સામાન્ય રીતે છોકરાના પરિવારના વડીલમાંથી આવે છે. પરિવારના વડીલો દ્વારા લગ્ન સંબંધિત કાર્યો અર્થે વિચાર-વિમર્શ કરવામાં આવે છે.

પરિવારમાં લગ્ન પ્રસંગે હરખના તેડાં અને લગ્ન કંકોત્રી ઘરે ઘરે વિતરણ કરતી વેળા વર અને કન્યાના સંબંધીઓ ભાવભર્યું આમંત્રણ આપતા કહે છે “ ---------- ---------- ને ત્યાંથી ભાઈ/બહેનના લગ્ન પ્રસંગે સહકુટુંબ જમવા આવવાનું ભાવભીનું આમંત્રણ છે, તેડાં-નોતરાં ભેગા છે. તો આ શુભ પ્રસંગે બપોરે બાર વાગ્યે જમવા વહેલા પધારશો. સાથે મહેમાનોને પણ લેતા આવજો”.

જન્મ, લગ્ન અને મૃત્યુથી સંબંધિત વિધિઓ માટે વાંઝા અને દરજીઓ બ્રાહ્મણની સેવાઓનો ઉપયોગ કરે છે.

વાંઝા બંધુઓનો પરંપરાગત વ્યવસાય વણાટકામ હતું. ઔદ્યોગિક કાપડના ઉત્પાદન સાથે દીવના વાંઝાઓએ તેમના વ્યવસાય તરીકે સીવણકામ ચાલુ કર્યું. પોર્ટુગલમાં મોટાભાગના વાંઝા અને દરજીઓ દીવથી ઉદ્ભવેલ છે, જેઓ મોઝામ્બિક તરફના સ્થળાંતરનો લાંબો ઇતિહાસ ધરાવે છે.



આ તસવીરમાં શ્રીમાન હરખચંદ પાનાચંદ કાપડ વણવાની શાળમાં બાંધણી વણતા નજરે પડે છે. છબી સૌજન્ય શ્રીમાન ઓર્લાન્ડો રિબૈઇરો. છબીમાંની વ્યક્તિની ઓળખ શ્રીમાન વિજય કુમળદાસે પૂરી પાડેલ છે.


દીવના વાંઝા અને દરજી જ્ઞાતિના પ્રજાજનોનો પહેરવેશ ગુજરાત જેવો જ રહ્યો છે. પરંતુ આ પ્રદેશના વાંઝા અને દરજી જ્ઞાતિના પ્રજાજનો દુનિયા સાથેના વિશાળ સંપર્કમાં રહ્યાં હોવાથી આધુનિક પહેરવેશ અને શિષ્ટાચારમાં આ સંપર્કો પ્રતિબિંબિત થાય છે. સ્વચ્છ પૂરતાં કપડાં અને માથે ટોપી એ અહીંના વાંઝા અને દરજી બંધુઓની ખાસિયત છે. પ્રસંગો અનુસાર પુરુષો અને સ્ત્રીઓનાં પહેરવેશમાં ઘણી વિવિધતા જોવા મળે છે. સામાન્ય રીતે પુરુષો પાટલૂન અને ખમીસ પહેરે છે. જ્યારે સ્ત્રીઓ સાડી, ફૂર્તા, સલવાર ખમીસ વગેરે પહેરે છે. આમ જોવા જઇએ તો પારંપરિક પહેરવેશમાં પુરુષો ધોતિયું અને ઉપર કુર્તા અથવા બંડી પહેરતા હોય છે. સ્ત્રીઓ પ્રસંગાનુસાર વિવિધ રંગ અને ભાતની સાડી પહેરે છે. વાંઝા અને દરજીમાં પાઘડી પહેરવાની પરંપરા ઘણી જ પ્રચલિત હતી. લગ્ન જેવા ઉત્સવમાં પાઘડી પહેરેલા પુરુષો જોવા મળે છે. તેઓ લપ્પાની ટોપી આજે પણ પરંપરાગત તહેવારોમાં પહેરતા જોવા મળે છે.

વાંઝા અને દરજીના મુખ્ય ખોરાકમાં ચોખા, બાજરા અને કઠોળનો સમાવેશ થાય છે. તેઓ બટાટા, ડુંગળી, રીંગણા, દૂધી અને ટમેટાનો રસોઈમાં ઉપયોગ કરે છે. તેઓ પારંપરિક ભારતીય ભોજન-શૈલીને અનુસરે છે. તેમાં ભાત, દાળ, રોટલી, શાક, છાસ અને મિઠાઇનો સમાવેશ થાય છે. તહેવારોના પ્રસંગોમાં પૂરી, લાપસી, થેપલાં અને દૂધપાક જેવી લોકપ્રિય વિવિધ વાનગીઓ તૈયાર કરવામાં આવે છે. જામફળ, કેરી

અને કેળા જેવા ફળો મોસમ પ્રમાણે ખવાય છે. વાંઝા અને દરજી મોરના ફૂલો, ગોળ અને ડોરીના પાંદડામાંથી બનાવેલા દારૂનો ઉપયોગ કરે છે. તેઓ તાડીનો પણ ઉપયોગ કરે છે, જે દીવમાં સૌથી સામાન્ય પીણું છે.

વાંઝા અને દરજી પોતાની માતૃ-ભાષા તરીકે ગુજરાતી ભાષા બોલે છે. ગુજરાતી સિવાય તેઓ અંગ્રેજી, હિન્દી અને પોર્ટુગીઝ ભાષાઓ પણ બોલે છે.

કુટુંબ પરિવાર માટે સ્થાનિક શબ્દ છે. સૌથી સામાન્ય ગોઠવણ સંયુક્ત કુટુંબની છે. આદરણીય વડીલોને યોગ્ય રીતે માન આપવામાં આવે છે. વડીલો પોતાની ફરજ અને જવાબદારીના ભાગરૂપે યુવાનોની સંભાળ રાખે છે અને મદદ કરે છે. સામાન્ય રીતે દીવના હિંદુઓ માટે સંયુક્ત કુટુંબની મિલકત અને વારસો ૧૮૫૪માં પોર્ટુગીઝ શાસનકાળ દરમિયાન ઘડવામાં આવેલ સંહિતા હેઠળ આવરી લેવામાં આવ્યાં છે. આ સંહિતા હેઠળ કુટુંબની સૌથી મોટી વ્યક્તિ બધાં જ હક્કો, નીતિનિયમો અને સંપત્તિનો વહીવટ કરવાની સત્તા ધરાવે છે. જોકે, વર્તમાનમાં આ સંયુક્ત પરિવારો સામાજિક અને આર્થિક ફેરફારોની અસર હેઠળ વિભાજિત થતાં જોવા મળે છે.




આ તસવીરમાં ૧૮૫૪માં પોર્ટુગીઝ શાસનકાળ દરમિયાન ઘડવામાં આવેલ સંયુક્ત કુટુંબની મિલકત અને વારસાની સંહિતા જોવા મળે છે. આ સંહિતાની એક પ્રતિકૃતિ શ્રીમાન હસમુખરાય અમરચંદે આપેલ છે. છબી સૌજન્ય કુમાર આર્યન દીપક.

વાંઝા અને દરજી માટે ઔપચારિક શિક્ષણ મહત્ત્વનું છે. ઘણા વાંઝા અને દરજીના બાળકો સ્નાતક અને અનુસ્નાતકના સ્તરે અભ્યાસ કરે છે.

વાંઝા અને દરજી કબીરના અનુયાયીઓ છે, જેમનો કબીર પંથ દ્વારા વારસો હજુ ચાલ્યો આવે છે. તેઓની કુટુંબી ઇષ્ટદેવીઓમાં ચામુંડા, હરસિધ્ધિ, વરનાય, ચોરવાડી, કનકાઈ, ગંગાભવાની અને જગરાયનો સમાવેશ થાય છે અને જન્મ તથા લગ્નના પ્રસંગો તેમજ અન્ય શુભ કાર્યો દરમિયાન એ દેવીઓની પૂજા કરવામાં આવે છે.

વાંઝા અને દરજી પોતાની ઇષ્ટદેવી તરીકે હિંગળાજ માતાની પૂજા કરે છે. તેઓ શુભ પ્રસંગે દેવીના આશીર્વાદ મેળવવા મંદિરે પણ જાય છે. હિંગળાજ માતાએ ક્ષત્રિઓને પરશુરામથી બચાવ્યા તેની યાદીમાં દરેક અમાસના દિવસે માતાજીને લાપસી ધરવામાં આવે છે.

સોમનાથ, ગુપ્ત પ્રયાગ અને ચોરવાડને તેમના પવિત્ર કેન્દ્રો તરીકે ગણવામાં આવે છે. ચોરવાડ ખાતે ચામુંડા દેવીનું મંદિર છે, જેની મુલાકાત સમુદાય વર્ષમાં એક વખત લઈ છે. ધાર્મિક અને શ્રાદ્ધની વિધિઓમાં બ્રાહ્મણ તેઓને મદદ કરે છે.

વાંઝા અને દરજીઓ તેમના મૃતકોનો અગ્નિસંસ્કાર કરે છે. એક વર્ષથી નીચેની વયના અને જેનું મૃત્યુ શીતળાના રોગથી અથવા સર્પદંશથી થાય છે તેઓને દફનાવવામાં આવે છે. ઉત્તરક્રિયા સામાન્ય રીતે સૌથી મોટા પુત્ર દ્વારા મૃત્યુ પછીના ત્રીજા દિવસે શરુ થાય છે. સૌથી મોટો પુત્ર સ્મશાને જઈ ઠંડી પડેલી ચિતા પર દૂધ અને પાણી રેડે છે, ત્યારબાદ ચિતાની રાખ અને હાડકાં ભેગાં કરે છે અને પુષ્પો સાથે સમુદ્રમાં તેનું વિસર્જન કરે છે. મૃત્યુ પછીના દસમા, અગિયારમા, બારમા અને તેરમા દિવસે ઉત્તરક્રિયા માટે યોગ્ય વિધિઓ થાય છે. સૌથી મોટા પુત્ર અને કુટુંબના પુરુષ સભ્યો મૃતક પાછળ પોતાના માથાનું મૂંડન કરાવે છે અને મૃતક તથા એમના પૂર્વજોના આત્માને ચોખા અર્પણ કરે છે. તેરમા દિવસે મૃતકના આત્માની શાંતિ માટે શ્રાદ્ધ કરવામાં આવે છે, જ્યારે તેના ઉપયોગમાં લેવામાં આવેલ સામગ્રીઓ કુટુંબના ગોર મહારાજને અર્પણ કરવામાં આવે છે.

જ્ઞાતિનાં કોઈ સભ્યનું અવસાન થયું હોય ત્યારે ઉત્તરક્રિયા તરીકે કરવામાં આવતી દહાડા-પાણીની વિધિ વખતે જ્ઞાતિનાં અન્ય સભ્યઘરોમાં એક એક વ્યક્તિએ હાજર રેહવું અપેક્ષિત હોય છે. જ્ઞાતિમાં જેટલા પરિવારોના જુદા ચૂલા હોય એ દરેકની ગણતરી અલગ અલગ સભ્યઘર તરીકે કરવામાં આવે છે, એટલે કે મરણોત્તર ક્રિયા સમયે જેટલા ચૂલા એટલી જ્ઞાતિના સભ્યોની હાજરી આવશ્યક ગણાય છે.

વાંઝા અને દરજીમાં સૌથી વધુ નોંધપાત્ર પરંપરાઓમાં એક પરંપરા એ છે કે તેઓ તમામ પરિવારની વંશાવળીની નોંધ જાળવી રાખે છે. જ્ઞાતિને પોતાના વહીવંચા બારોટ હતા, તેઓ વર્ષમાં એકાદવાર ગામમાં આવીને રોકાણ કરતા, તે સમયે તેમને નિર્ધારિત કરેલું વર્ષાસન આપવામાં આવતું. સમાજની કોઈ પણ વ્યક્તિને તેમનાં કુળ, ગોત્ર, કુટુંબના રીતરિવાજ, કુળદેવી, તેમનાં સ્થાનક, નૈવેદ્ય, વંશાવળી, કુટુંબની પરંપરા અને સામાજિક કાર્યો જેવી પ્રમાણભૂત માહિતી મેળવવી હોય તો બારોટ પાસેથી મળી જતી હતી. બારોટ પોતાના યજમાનના પરિવાર અને કુળની દરેક બાબતની નોંધ તેમના ચોપડામાં રાખતા. જયારે યજમાનના ઘરે દીકરા-દીકરીનો જન્મ થાય ત્યારે બારોટને આમંત્રણ આપવામાં આવતું. બારોટ તેમનાં

ચોપડા (જેને વહી પણ કહેવાય છે) લઈને યજમાનના ઘરે આવતા. તેઓ આવવાના હોય ત્યારે યજમાનના ઘરે ઉત્સવનો માહોલ રહેતો અને તેઓનું અદકેરું સ્વાગત કરવામાં આવતું. બદલાયેલ પરિસ્થિતિમાં આ પ્રથા અત્યારે ટકી નથી. પરંતુ આજે પણ વાંઝા અને દરજી જ્ઞાતિના ચોપડે જન્મ, લગ્ન અને મૃત્યુની નોંધ ફરજિયાત લેવાય છે.

વાંઝા અને દરજીઓમાં લગ્ન દરમિયાન જ્ઞાતિ તરફથી વર તેમજ કન્યા પક્ષ પાસેથી લેવાતી રકમ દાપાં તરીકે ઓળખાય છે. દાપાંની કીમત રૂ. ૧૫૦ થી ૨૦૦ની હોય છે. વર તરફથી કન્યાનું માગું આવે તે જ વખતે દાપાંની રકમ નક્કી કરવામાં આવે છે. સગાઈ કરતી વખતે જ અરધું દાપું આપવું પડે છે અને બાકીની રકમ લગ્નના દિવસ સુધીમાં ચૂકવી દેવી પડે છે. લગ્ન પ્રસંગે કન્યા પક્ષ તરફની જે રકમ વર પક્ષ હરખથી જ્ઞાતિને અર્પણ કરે છે તે હીરખી તરીકે ઓળખાય છે. વાંઝા અને દરજીઓમાં જ્ઞાતિ તરફથી પરદેશથી આવેલ મુસાફરો પાસેથી લેવાતી રકમ સફરી તરીકે ઓળખાય છે. પરિણીત દરજી જ્ઞાતિબંધુઓ જયારે પરદેશથી દેશ સફર કરે છે ત્યારે તેઓમાં કુળદેવીને નૈવેદ્ય અર્પણ કરવાની પ્રથા છે.

બલુચિસ્તાન જિલ્લાના લાસબેલા ખાતે પહાડોમાં બાવન શક્તિપીઠમાંનું એક શક્તિપીઠ એવું હિંગળાજ માતાજીનું મંદિર આવેલ છે. ત્યાં કાલી માતાની ગુફાઓમાંથી થઈ હિંગળાજ મંદિર તરફ જવાય છે, જ્યાં પર્વત ઉપર આવેલી ગુફામાં એકબીજાના ડાબા હાથ પકડી ઢીંચણિયે પડી આ અંધારી ગુફામાં પ્રવેશ કરી બીજી બાજુ નીકળતા જ પાણીના કુંડમાં સ્નાન કરી હિંગળાજ માતાજીના રમણીય પટાંગણમાં જવાય છે. બાજુમાં આવેલ વિશાળ શિલા અંગે કહેવાય છે કે ૮૪ લાખ યોનિઓમાંથી પસાર થવાનું ટાળવા માટે આ પથ્થરની પરિક્રમા કરવાથી મનોકામના પૂર્ણ થાય છે. આપણી જ્ઞાતીના ઘણા બંધુઓ માતા હિંગળાજના ધામની જાત્રા કરી આવી શ્રી. કાપડીનું બિરદ પામેલ છે. જ્ઞાતિના કાપડી બંધુઓ જ્ઞાતિમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. જ્ઞાતિ દ્વારા યોજાયેલ કોઈ સાંસ્કૃતિક અથવા ધાર્મિક કાર્યક્રમોમાં કાપડી મહાનુભાવો પોતાની આગેવાની દર્શાવી સમારોહની પ્રતિષ્ઠા વધારે છે.

દીવની મુક્તિ પછી સંસ્થામાં ઘણા ફેરફારો આવ્યા છે. પ્રાથમિકથી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ જેઓ વર્ગમાં પ્રથમથી ત્રીજા સ્થાને સુરક્ષિત રહે છે તેઓને પ્રોત્સાહનના ભાગરૂપે વિવિધ પારિતોષિકો ભેટ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના સન્માન સમારંભનું આયોજન પ્રેરણા ધામમાં કરવામાં આવે છે.

શ્રી. વાંઝા જ્ઞાતિ જ્ઞાન પ્રચારક પુસ્તકાલયમાં પુસ્તકો અને સામયિકોનો નોંધપાત્ર સંગ્રહ જોવા મળે છે અને વાર્ષિક ધોરણે નવા ગ્રંથો તેમા ઉમેરવામાં આવે છે. આશરે પાંચ દાયકા સુધી ગ્રંથાલયે સમુદાયના બૌદ્ધિક અને સાંસ્કૃતિક જીવનમાં એક મુખ્ય ભૂમિકા ભજવી છે.




આ તસવીરમાં ગ્રંથાલયમાં જ્ઞાતિબંધુઓ જોવા મળે છે. ડાબીથી જમણી તરફ જોતાં પાટ પર બેઠેલાંઓમાંથી ?, શ્રીમાન સુરેન્દ્રલાલ વસરામ, ?, શ્રીમાન જમનાદાસ મોતીચંદ, શ્રીમાન મુગટલાલ હરખચંદ, શ્રીમાન નરેન્દ્ર ગોકળદાસ, શ્રીમાન પ્રકાશ હરખચંદ, શ્રીમાન ભગવાનદાસ વસરામ, શ્રીમાન વિઠ્ઠલદાસ પ્રાગજી, શ્રીમાન પરમાનંદ દુલ્લભ, શ્રીમાન અમરચંદ વસરામ, શ્રીમાન નાગરદાસ લાલચંદ, શ્રીમાન ડૉ. પુષ્પસેન જીવનદાસ, શ્રીમાન વિઠ્ઠલદાસ કરમચંદ, શ્રીમાન પરમાનંદ જીવન, ?, શ્રીમાન પ્રેમચંદ દેવચંદ, શ્રીમાન રાયચંદ ગુલાબચંદ, શ્રીમાન નાગરદાસ દેવચંદ, ?, શ્રીમાન વિઠ્ઠલદાસ હરખચંદ, શ્રીમાન ગણપતલાલ અમરચંદ, ?, શ્રીમાન નહેન્દ્રલાલ વ્રજદાસ અને શ્રીમાન પ્રવીણકુમાર પ્રભુદાસ જોવા મળે છે; ઊભેલાઓમાંથી ડાબીથી જમણી બાજુ જોતાં શ્રીમાન ગણપતલાલ ધરમસી, શ્રીમાન કુંદનકુમાર દેવચંદ, ?, અને શ્રીમાન ચીમનલાલ નરસિંહ જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ, ઉર્ફે આપણા જાણીતા શ્રીમાન ભાઈ વિજય લિસ્બો'આ. છબીમાંની વ્યક્તિઓની ઓળખ શ્રીમાન જીતેન્દ્ર ગણપતલાલ, શ્રીમાન વિજય કુમળદાસ, શ્રીમાન પ્રવીણુકુમાર પ્રભુદાસ, અને શ્રીમાન નરેન્દ્ર ગોકળદાસે પૂરી પાડેલ છે. કોઈ વ્યક્તિની ઓળખમાં ભૂલ અથવા કમી રહી હોય તો અમારો સંપર્ક કરી સુધારો કરી આપવા માટે આપને અમારી નમ્ર વિનંતિ છે.

પ્રેરણા ધામમાં હિંગળાજ માતાનું મંદિર સ્થિત છે જે વાંઝા બંધુઓ માટે ધાર્મિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે કામ આવે છે. શ્રી. દરજી હિંગળાજ માતા વાડીમાં પણ હિંગળાજ માતાનું મંદિર આવેલ છે જ્યાં ધાર્મિક વિધિઓ નિયમિતપણે કરવામાં આવે છે.




આ તસવીરમાં દીવમાં કુંભારવાડામાં સ્થિત વાંઝા જ્ઞાતિનું શ્રી. માતા હિંગળાજનું મંદિર, મંદિરનો ચોક તેમજ જ્ઞાતિનું સમાજમંડળ, પ્રેરણાધામ, નજરે પડે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં શ્રી. વાંઝા જ્ઞાતિના પ્રેરણાધામમાં સ્થિત હિંગળાજ માતાના મંદિરમાં સુશોભિત માતા હિંગળાજના દર્શન થાય છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં શ્રી. દરજી હિંગળાજ માતા વાડીમાં સ્થિત હિંગળાજ માતાના મંદિરમાં સુશોભિત માતા હિંગળાજના દર્શન થાય છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.




આ તસવીરમાં શ્રી. દરજી જ્ઞાતિનું સમાજમંડળ (વાડી), શ્રી. દરજી જ્ઞાતિ હિંગળાજ વાડી, નજરે પડે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.

વાંઝા જ્ઞાતિ તરફથી બહારગામથી આવનાર યાત્રાળુઓને અમરવાડીમાં સ્થિત અતિથિગૃહમાં ખૂબજ વ્યાજબી દરે ઉતારો અપાય છે. કૌટુંબિક ઉત્સવો માટે જરૂર પડતાં વાસણો પણ જ્ઞાતિ પાસેથી ભાડે મેળવી શકાય છે. દીવથી ફૂદમ જતાં રસ્તામાં દરજી જ્ઞાતિની એક ખુલ્લી અને વિશાળ જગ્યા છે, જે પરબ તરીકે ઓળખાય છે અને જ્યાં જ્ઞાતિબંધુઓ ઉજાણીનો ઉત્સવ તેમજ અન્ય પારંપરિક તહેવારો ઉજવે છે. માર્ગે જતાં આવતાં તરસ્યા માણસોને આ પરબે મફત પાણી પાવાની ધર્માદા ગોઠવણ છે.




આ તસવીરમાં શ્રી. વાંઝા જ્ઞાતિનું સમાજમંડળ (વાડી), અમરવાડી, નજરે પડે છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.





આ તસવીરમાં શ્રી. દરજી જ્ઞાતિનું પાણીનું પરબ જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.




આ તસવીરમાં આપણા જ્ઞાતિબંધુઓ પાણીના પરબે ભેગા મળી સમૂહમાં ખાવા પીવાનો આનંદ લેતા જોવા મળે છે. આ તસવીર ૧૯૬૦ના દાયકામાં શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસે પાડેલ છે. છબી સૌજન્ય શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસ.

વાંઝા અને દરજીની લોકપ્રિય રમતોમાં પત્તાં, *કૅરમ* અને ચોપાટની રમતો છે, જેમાં ચોપાટ કદાચ સૌથી લોકપ્રિય રમત છે. બાળકો કબડ્ડી, ગોળી અને ગિલ્લીદંડો જેવી પરંપરાગત રમતો રમે છે. લગભગ તમામ બાળકો ક્રિકૅટ અને ફૂટબૉલ પણ રમે છે.



ચોપાટ, સૌથી લોકપ્રિય રમત છે. છબી સૌજન્ય કુમારી દીયા દીપક.

વાંઝા અને દરજી જ્ઞાતિના લોકો અનેક દેવીદેવતાઓમાં આસ્થા રાખે છે અને એમની પૂજા પ્રાર્થના કરે છે. તેમનાં વિવિધ પ્રાસંગિક લોકગીતોમાં ભજનો, લગ્ન ગીતો, ગરબા, દેવોને તથા કુળદેવીઓને રીઝવવાના ગીતોનો સમાવેશ થાય છે. ડાંડિયારાસ, પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા, ત્રણ તાળી રાસ જેવા વિવિધ રાસોત્સવનું અનેરું આયોજન કરવામાં આવે છે.




આ તસવીરમાં ગરબાના સંગ્રહની પુસ્તિકા, કે જે મૂળ રીતે શ્રી. લક્ષ્મીદાસ દુલ્લભદાસ દ્વારા લખાયેલી છે અને પાછળથી શ્રીમાન ભદ્રસેન લવજી દ્વારા યોગ્ય રીતે સંકલિત કરવામાં આવેલ છે અને જેમાં બીજા અમુક ગરબા ઉમેરીને તેનું પુનઃ સંકલન પોતાના ભાઈ શ્રીમાન ડૉ. પ્રતાપ લવજીએ કરેલ છે એ જોવા મળે છે. આ પુસ્તિકાઓની એક પ્રત શ્રીમાન હસમુખરાય અમરચંદ દ્વારા મને નમ્ર ભેટ આપવામાં આવેલ છે. છબી સૌજન્ય કુમારી દીયા દીપક.

જ્ઞાતિ બંધુઓ દિવાળી, નૂતન વર્ષ, હોળી ઉત્સવ, જન્માષ્ટમી, નવરાત્રી જેવા ધાર્મિક ઉત્સવો રાબેતા મુજબ ઉજવે છે. જ્ઞાતિની ઈતર પ્રવૃત્તિઓ જેવીકે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ઉજાણી હંમેશાં યાદગાર રહે છે.

દીવમા દર વર્ષે બુચરવાડામાં માતા કાળીંગળીના મંદિરે ચૈત્રી પૂનમના દિવસથી ત્રણ દિવસનો યોજાતો ધાર્મિક અને સાંસ્કૃતિક મેળો દીવના પ્રત્યેક હિંદુઓ માટે ખૂબ અગત્યનો તહેવાર છે. વાંઝા અને દરજીઓ પટેલવાડી મુકામે યોજાતા આ મેળાને સીંજળીના મેળા તરીકે પણ ઓળખે છે. આ પાવન ચૈત્ર માહ દરમ્યાન વાંઝા સુદ આઠમે અને દરજીઓ સુદ પૂનમે ત્યાં યજ્ઞ યોજે છે. અષાઢ સુદ પાંચમે વાંઝા અને દરજીઓ બુચરવાડામાં સ્થિત માતા કાળીંગળીના મંદિરે થતા મહાજન યજ્ઞમાં ભાગ લઈ છે. મહાશિવરાત્રીના દિવસે દીવમાં કુદમ ગામના દરિયા કિનારે આવેલ ભગવાન શિવજીના ધામ ગંગેશ્વર મંદિરે યોજાતા મેળામાં પણ તેઓ બહોળો ભાગ લઈ છે. ધોળા આટાનો પર્વ કે જે માગશર સુદ આઠમ

અને માગશર વદ ચતુર્દશીએ ઉજવાય છે, વાંઝા તેમાં વિશિષ્ટ આદર અને શ્રધ્ધાપૂર્વક ભાગ લઈ છે. પરશુરામના ત્રાસ સામે માતા હિંગળાજ દ્વારા ક્ષત્રિયોને આપેલ રક્ષણની યાદમાં આ પર્વ ઉજવવામાં આવે છે. દરજીઓ આ પર્વ માગશર સુદ આઠમે ઉજવે છે. આ ઉપરાંત, વાંઝા અને દરજીઓ જ્યેષ્ઠ સુદ પૂર્ણિમાના દિવસે કનકેશ્ર્વરી માતાનું મામેરું તેમજ અષાઢ સુદ આઠમે માતા હિંગળાજદેવીનું, માતા તોતળાદેવીનું અને માતા કાળીંગળીદેવીનું મામેરું, જેવા ઉત્સવો પણ ખૂબ આદર, શ્રધ્ધા અને ઉત્સાહભેર ઉજવે છે.

વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા આપણા સમુદાયને પ્રગતિના પંથે દોરવાનો માર્ગ પણ ખુલ્લો કર્યો છે. દીર્ઘદ્રષ્ટિવાળા આગેવાનોના નેતૃત્વ હેઠળ નવી વિચારધારા તરફ ડગ મંડાયા છે. વાંઝા અને દરજી જ્ઞાતિના સામાજિક અને ધાર્મિક રીતરિવાજો, માન્યતાઓ, પહેરવેશો, રહેઠાણો, બોલીઓ વગેરેમાં આજે અન્ય અનેકવિધ પરિબળોને કારણે પરિવર્તન જોવા મળે છે.

આપણી વાંઝા તેમજ દરજી જ્ઞાતિમાં શૌર્ય, જુસ્સો, દાતારી, આવકાર જેવા અનેક ગુણો પથરાયેલા છે. અને તેમાંય ખાસ કરીને આજે આપણો સમાજ માત્ર દીવ જ નહિ પરંતુ દેશ અને વિદેશના સીમાડાઓ પાર કરી પોતાના ધંધા અને કારોબારોમાં આગળ પડતું સ્થાન ધરાવતો થયો છે.

શ્રી. વાંઝા જ્ઞાતિ દીવના પ્રાચીન દસ્તાવેજો મુજબ વિક્રમ સંવત ૧૮૪૧ ના વૈશાખ સુદ ૨ થી આજ સુધી વાંઝા જ્ઞાતિ તરફથી નિમાયેલા પ્રમુખોની યાદી અહીં આપવામાં આવી છે. નીચે આપેલી મોટા ભાગની યાદી સ્વર્ગીય પૂજ્ય મણિકાંત વસરામના સંગ્રહ કરેલા દસ્તાવેજો મુજબ પૂરી પાડેલ છે. છેલ્લા પાંચ નામો શ્રીમાન વસંતકુમાર હરિદાસે આપેલ માહિતી મુજબ ઉમેરવામાં આવ્યા છે.

| સંખ્યા | પ્રમુખોના નામ | પ્રમુખપદ સ્વીકાર્યું | | | પ્રમુખપદ નિભાવ્યું માસ/વર્ષ |
|---|---|---|---|---|---|
| | | ઈ.સ. | વિ.સં. | માસ/પક્ષ/તિથિ | |
| ૧ | શ્રી. વાંઝા માવજી કાનજી | ૧૭૮૫ | ૧૮૪૧ | વૈશાખ સુદ ૨ | ± ૨ વર્ષ |
| ૨ | શ્રી. વાંઝા નાનજી દામા | ૧૭૮૭ | ૧૮૪૩ | ચૈત્ર સુદ ૨ | ± ૬ વર્ષ |
| ૩ | શ્રી. વાંઝા કીકા ધનજી | ૧૭૯૩ | ૧૮૪૯ | મહા વદ ૭ | ± ૨ વર્ષ |
| ૪ | શ્રી. વાંઝા કરશનજી પુરુષોત્તમ | ૧૭૯૫ | ૧૮૫૧ | ફાગણ સુદ ૨ | ± ૩ વર્ષ |
| ૫ | શ્રી. વાંઝા કીકા ધનજી | ૧૭૯૮ | ૧૮૫૪ | મહા સુદ ૨ | ± ૧૫ વર્ષ |
| ૬ | શ્રી. વાંઝા માવજી વિઠ્ઠલ | ૧૮૧૩ | ૧૮૬૯ | જ્યેષ્ઠ સુદ ૮ | ± ૩ વર્ષ |
| ૭ | શ્રી. વાંઝા વીરજી હરજી | ૧૮૧૭ | ૧૮૭૩ | મહા વદ ૯ | ± ૪ વર્ષ |
| ૮ | શ્રી. વાંઝા મૂળજી કીકા | ૧૮૨૦ | ૧૮૭૬ | અષાઢ સુદ ૯ | ± ૨ વર્ષ |
| ૯ | શ્રી. વાંઝા અમરશી હેમચંદ | ૧૮૨૨ | ૧૮૭૮ | અષાઢ સુદ ૨ | ± ૧ વર્ષ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | શ્રી. વાંઝા કેશવ માવજી | ૧૮૨૩ | ૧૮૭૯ | અષાઢ સુદ ૨ | ±૧ વર્ષ |
| ૧૧ | શ્રી. વાંઝા શામજી પ્રેમજી | ૧૮૨૪ | ૧૮૮૦ | ફાગણ સુદ ૨ | ±૧ વર્ષ |
| ૧૨ | શ્રી. વાંઝા હીરજી દામા | ૧૮૨૫ | ૧૮૮૧ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૧૩ | શ્રી. વાંઝા માધવ મકા | ૧૮૨૬ | ૧૮૮૨ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૧૪ | શ્રી. વાંઝા નરશિંહ જીવન | ૧૮૨૭ | ૧૮૮૩ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૧૫ | શ્રી. વાંઝા હીરજી પ્રાગજી | ૧૮૨૮ | ૧૮૮૪ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૧૬ | શ્રી. વાંઝા નાના માવજી | ૧૮૨૯ | ૧૮૮૫ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૧૭ | શ્રી. વાંઝા કુરજી બોદા | ૧૮૩૦ | ૧૮૮૬ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૧૮ | શ્રી. વાંઝા પનજી ત્રિકમ | ૧૮૩૧ | ૧૮૮૭ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૧૯ | શ્રી. વાંઝા માવજી વિઠ્ઠલ | ૧૮૩૨ | ૧૮૮૮ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૨૦ | શ્રી. વાંઝા પીતાંબર મનજી | ૧૮૩૩ | ૧૮૮૯ | ફાગણ વદ ૨ | ±૨ વર્ષ |
| ૨૧ | શ્રી. વાંઝા કેશવ માવજી | ૧૮૩૫ | ૧૮૯૧ | ફાગણ વદ ૫ | ±૧ વર્ષ |
| ૨૨ | શ્રી. વાંઝા પ્રેમજી જીવન | ૧૮૩૬ | ૧૮૯૨ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૨૩ | શ્રી. વાંઝા કુરજી બોદા | ૧૮૩૭ | ૧૮૯૩ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૨૪ | શ્રી. વાંઝા જેઠા પ્રેમજી | ૧૮૩૮ | ૧૮૯૪ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૨૫ | શ્રી. વાંઝા બાવા જેઠા | ૧૮૩૯ | ૧૮૯૫ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૨૬ | શ્રી. વાંઝા મૂળજી જાદવ | ૧૮૪૦ | ૧૮૯૬ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૨૭ | શ્રી. વાંઝા માવજી વિઠ્ઠલ | ૧૮૪૧ | ૧૮૯૭ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૨૮ | શ્રી. વાંઝા મોરાર હીરજી | ૧૮૪૨ | ૧૮૯૮ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૨૯ | શ્રી. વાંઝા હીરજી ધારસી | ૧૮૪૩ | ૧૮૯૯ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૩૦ | શ્રી. વાંઝા શામજી ધનજી | ૧૮૪૪ | ૧૯૦૦ | ફાગણ વદ ૨ | ±૧ વર્ષ |
| ૩૧ | શ્રી. વાંઝા રામજી ત્રિકમ | ૧૮૪૫ | ૧૯૦૧ | ફાગણ વદ ૭ | ±૧ વર્ષ |
| ૩૨ | શ્રી. વાંઝા મૂળજી આણંદ | ૧૮૪૬ | ૧૯૦૨ | ફાગણ વદ ૧૦ | ±૪ વર્ષ |
| ૩૩ | શ્રી. વાંઝા મોરાર આણંદ | ૧૮૫૦ | ૧૯૦૬ | માગશર સુદ ૩ | ± ૧ વર્ષ |
| ૩૪ | શ્રી. વાંઝા મૂળજી આણંદ | ૧૮૫૧ | ૧૯૦૭ | અષાઢ વદ ૯ | ±૩ વર્ષ |
| ૩૫ | શ્રી. વાંઝા ઝીણા દેવા | ૧૮૫૪ | ૧૯૧૦ | ફાગણ વદ ૨ | ±૩ વર્ષ |
| ૩૬ | શ્રી. વાંઝા દેવા શામજી | ૧૮૫૭ | ૧૯૧૩ | ફાગણ વદ ૧૩ | ±૪ વર્ષ |
| ૩૭ | શ્રી. વાંઝા નરશિંહ ગણેશ | ૧૮૬૧ | ૧૯૧૭ | કારતક સુદ ૮ | ±૧ વર્ષ |
| ૩૮ | શ્રી. વાંઝા ઝીણા દેવા | ૧૮૬૨ | ૧૯૧૮ | માગશર સુદ ૭ | ±૧ વર્ષ |
| ૩૯ | શ્રી. વાંઝા મૂળજી આણંદ | ૧૮૬૩ | ૧૯૧૯ | માગશર સુદ ૭ | ±૪ વર્ષ |
| ૪૦ | શ્રી. વાંઝા ગોરધન હરિ | ૧૮૬૭ | ૧૯૨૩ | માગશર સુદ ૭ | ±૧ વર્ષ |
| ૪૧ | શ્રી. વાંઝા વેલા કેશવ | ૧૮૬૮ | ૧૯૨૪ | માગશર સુદ ૭ | ±૧ વર્ષ |
| ૪૨ | શ્રી. વાંઝા ભવન જેચંદ | ૧૮૬૯ | ૧૯૨૫ | માગશર સુદ ૭ | ±૧ વર્ષ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૩ | શ્રી. વાંઝા હેમચંદ માવજી | ૧૮૭૦ | ૧૯૨૬ | માગશર સુદ ૫ | ±૧ વર્ષ |
| ૪૪ | શ્રી. વાંઝા ઘેલા ગોરધન | ૧૮૭૧ | ૧૯૨૭ | માગશર સુદ ૭ | ±૩ વર્ષ |
| ૪૫ | શ્રી. વાંઝા વાઘજી કરશન | ૧૮૭૪ | ૧૯૩૦ | માગશર સુદ ૭ | ±૩ વર્ષ |
| ૪૬ | શ્રી. વાંઝા નારણ આણંદ | ૧૮૭૭ | ૧૯૩૩ | માગશર સુદ ૫ | ±૧ વર્ષ |
| ૪૭ | શ્રી. વાંઝા મોરાર ઝવેર | ૧૮૭૮ | ૧૯૩૪ | મહા વદ ૧૩ | ±૩ વર્ષ |
| ૪૮ | શ્રી. વાંઝા ભવન હેમા | ૧૮૮૧ | ૧૯૩૭ | ચૈત્ર સુદ ૯ | ± ૧ માસ |
| ૪૯ | શ્રી. વાંઝા મેઘજી આણંદ | ૧૮૮૧ | ૧૯૩૭ | વૈશાખ સુદ ૫ | ±૩ વર્ષ |
| ૫૦ | શ્રી. વાંઝા વેલા હરિ | ૧૮૮૪ | ૧૯૪૦ | જ્યેષ્ઠ સુદ ૭ | ±૩ વર્ષ |
| ૫૧ | શ્રી. વાંઝા સવચંદ વખત | ૧૮૮૭ | ૧૯૪૩ | ચૈત્ર વદ ૨ | ±૨ વર્ષ |
| ૫૨ | શ્રી. વાંઝા જીવન બાવા | ૧૮૮૯ | ૧૯૪૫ | ચૈત્ર વદ ૫ | ±૩ વર્ષ |
| ૫૩ | શ્રી. વાંઝા ભીખા ધારસી | ૧૮૯૨ | ૧૯૪૮ | વૈશાખ સુદ ૫ | ±૧ વર્ષ |
| ૫૪ | શ્રી. વાંઝા જેરાજ સવચંદ | ૧૮૯૩ | ૧૯૪૯ | વૈશાખ વદ ૭ | ±૨ વર્ષ |
| ૫૫ | શ્રી. વાંઝા જીવન મૂળચંદ | ૧૮૯૫ | ૧૯૫૧ | માગશર સુદ ૫ | ±૧ વર્ષ |
| ૫૬ | શ્રી. વાંઝા વશરામ દેવા | ૧૮૯૬ | ૧૯૫૨ | પોષ સુદ ૧૩ | ±૧ વર્ષ |
| ૫૭ | શ્રી. વાંઝા વાલજી મૂળજી | ૧૮૯૭ | ૧૯૫૩ | અષાઢ સુદ ૨ | ± ૩ વર્ષ |
| ૫૮ | શ્રી. વાંઝા ભીખા ધારસી | ૧૯૦૧ | ૧૯૫૭ | અષાઢ સુદ ૧૩ | ±૩ વર્ષ |
| ૫૯ | શ્રી. વાંઝા દુલ્લભદાસ નરશિંહ | ૧૯૦૪ | ૧૯૬૦ | અષાઢ સુદ ૫ | ± ૨૭ વર્ષ |
| ૬૦ | શ્રી. વાંઝા ત્રિકમદાસ હીરાચંદ | ૧૯૩૧ | ૧૯૮૭ | અષાઢ સુદ ૫ | ±૪ વર્ષ |
| ૬૧ | શ્રી. વાંઝા જેચંદ વાલજી | ૧૯૩૫ | ૧૯૯૧ | અષાઢ સુદ ૨ | ±૪ વર્ષ |
| ૬૨ | શ્રી. વાંઝા અમીચંદ હીરાચંદ | ૧૯૩૯ | ૧૯૯૫ | અષાઢ વદ ૩ | ±૭ વર્ષ |
| ૬૩ | શ્રી. વાંઝા હીરાચંદ કાનજી | ૧૯૪૬ | ૨૦૦૨ | અષાઢ સુદ ૫ | ±૬ વર્ષ |
| ૬૪ | શ્રી. વાંઝા લવચંદ પ્રાગજી | ૧૯૫૨ | ૨૦૦૮ | અષાઢ સુદ ૬ | ±૧૫ વર્ષ |
| ૬૫ | શ્રી. વાંઝા નાગરદાસ લાલચંદ | ૧૯૬૭ | ૨૦૨૩ | અષાઢ સુદ ૨ | ±૮ વર્ષ |
| ૬૬ | શ્રી. વાંઝા રાયચંદ ગુલાબચંદ | ૧૯૭૫ | ૨૦૩૧ | અષાઢ સુદ ૨ | ±૪ વર્ષ |
| ૬૭ | શ્રી. વાંઝા જુગલદાસ મૂળજી | ૧૯૭૯ | ૨૦૩૫ | અષાઢ સુદ ૨ | ±૬ વર્ષ |
| ૬૮ | શ્રી. વાંઝા ડૉ. પુષ્પસેન જીવનદાસ | ૧૯૮૫ | ૨૦૪૧ | અષાઢ સુદ ૨ | ±૨ વર્ષ |
| ૬૯ | શ્રી. વાંઝા ચંપકલાલ કેશવજી | ૧૯૮૭ | ૨૦૪૩ | અષાઢ સુદ ૨ | ± ૧૫ વર્ષ |
| ૭૦ | શ્રી. વાંઝા તુલસિદાસ લક્ષ્મીચંદ | ૨૦૦૨ | ૨૦૫૮ | | ±૫ વર્ષ |
| ૭૧ | શ્રી. વાંઝા જ્ઞાતિનું પંચ નીમાયું<br>શ્રી. વાંઝા તુલસિદાસ લક્ષ્મીચંદ સંચાલન સમિતિના પ્રમુખ તરીકે નીમાયા | ૨૦૦૩<br>૨૦૦૪ | ૨૦૫૯<br>૨૦૬૦ | આશરેની આસપાસ | |
| ૭૨ | શ્રી. વાંઝા દ્વારકાદાસ હેમચંદ | ૨૦૦૭ | ૨૦૬૩ | | ±૫ વર્ષ |
| ૭૩ | શ્રી. વાંઝા વસંતકુમાર હરિદાસ | ૨૦૧૧ | ૨૦૬૭ | | ±૨ વર્ષ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૪ | શ્રી. વાંઝા યતિનકુમાર લક્ષ્મીકાંત | ૨૦૧૩ | ૨૦૬૯ | | ± ૧ વર્ષ |
| ૭૫ | શ્રી. વાંઝા વસંતકુમાર હરિદાસ | ૨૦૧૬ | ૨૦૭૨ | | ± ૧ વર્ષ |

શ્રીમાન વીરેન્દ્ર ચુનીલાલ દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ, જે પટેલો શ્રી. દરજી જ્ઞાતિ દીવ દ્વારા નિમણૂંક પામ્યા હતા, તેઓના નામ શ્રી. કેશવજી હિરાચંદ, શ્રી. ઓત્તમચંદ જેરાજ અને શ્રી. ચુનીલાલ ઓત્તમચંદ છે. પછીથી જ્ઞાતિ એક પંચ દ્વારા ચલાવવામાં આવી હતી. જ્ઞાતિના અંતિમ મુખી શ્રીમાન વીરેન્દ્ર ચુનીલાલ હતા.

દીપક કનકસિંહ

સંકલનકર્તા

આ લેખને પૂર્ણ કરવા માટે ઘણી વ્યક્તિઓની ભૂમિકાઓ સ્વીકારવાની મને ખુશી છે.

નિરંતર પ્રેરણા આપવા માટે અને આ લેખના ગુજરાતી અનુવાદને સુધારવામાં મદદ કરવા બદલ હું મારા ભાઈ પ્રદીપ વસંતલાલનો આભારી છું.

આ લેખમાં પ્રસંગાનુસાર મૂકાયેલી તસવીરો મેળવી આપવા માટે અને મને તેનો ઉપયોગ કરવા માટે મંજૂરી આપનાર વ્યક્તિઓનો હું ખૂબ જ આભારી છું, જેવા કે શ્રીમાન વિજય કુમળદાસ, શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસ, કુમાર વિવેક પ્રદીપકુમાર, શ્રીમાન ઓર્લાન્ડો રિબૈઇરો, કુમારી દીયા દીપક અને કુમાર આર્યન દીપક; શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસે મને તેમના સ્વર્ગીય પિતા પૂજ્ય નાગરદાસ અભેચંદ દ્વારા લેવામાં આવેલ તસવીરો આ લેખમાં ઉપયોગ કરવા માટે મંજૂરી આપી છે.

હું બીજા સભ્યો કે જેઓ તસવીરમાની વ્યક્તિઓની ઓળખ પૂરી પાડવા માટે તત્પર થયા એવા શ્રીમાન વિજય કુમળદાસ, શ્રીમાન જિતેન્દ્ર ગણપતલાલ, શ્રીમાન પ્રવીણકુમાર પ્રભુદાસ, શ્રીમાન નરેન્દ્ર ગોકળદાસ, શ્રીમાન હસમુખરાય અમરચંદ અને શ્રીમાન રમેશચંદ્ર નાગરદાસ નો પણ સહૃદય આભાર માનુ છું. શ્રીમાન હસમુખરાય અમરચંદનો પણ ઘણો આભારી છું જેમણે ૧૮૫૪માં પોર્ટુગીઝ શાસનકાળ દરમિયાન ઘડવામાં આવેલ સંયુક્ત કુટુંબની મિલકત અને વારસાની સંહિતાની એક પ્રતિકૃતિ આપેલ છે.

સાથે સાથે સ્વર્ગસ્થ પૂજ્ય મણિકાંત વસરામજીનો પણ વિશેષ આભાર માનું છું જેમણે પોતાની હયાતી દરમિયાન વાંઝા જ્ઞાતિના નામાંકિત પટેલોના નામોની વિગતવાર લેખિત યાદી પૂરી પાડેલ છે. છેલ્લાં થોડાક પટેલોના નામો પૂરા પાડવા બદલ હું શ્રીમાન વસંતકુમાર હરિદાસનો પણ વિશેષ આભાર વ્યક્ત

કરું છું. સ્વર્ગસ્થ પૂજ્ય વીરેન્દ્ર ચુનીલાલનો પણ આભાર વ્યક્ત કરું છું જેમણે પોતાની હયાતી દરમિયાન દરજી જ્ઞાતિના ચૂંટાયેલ પટેલોની લેખિત યાદી પૂરી પાડેલ છે.

હું શ્રીમાન હસમુખરાય અમરચંદનો આભારી છું, જેમણે ગરબાની પુસ્તકોની એક પ્રતિકૃતિ મને ભેટ આપેલી છે. આ ગરબાવળીનું પ્રશંસનીય સંકલન સ્વર્ગસ્થ પૂજ્ય લક્ષ્મીદાસ દુલ્લભદાસ, શ્રીમાન ભદ્રસેન લવજી અને શ્રીમાન ડૉ. પ્રતાપ લવજી દ્વારા કરવામાં આવ્યું હતું.

નિરંતર સમર્થન આપવા બદલ હું શ્રીમાન પરેશ અમરચંદનો આભારી છું.

આ લેખને પારદર્શક, સચોટ, સંક્ષિપ્ત અને વ્યાપક બનાવવા માટે કોઈ પણ પ્રયત્નો કરવામાં મેં ઢીલ નથી રાખી, તેમ છતાં કોઈ ભૂલ અથવા ખામીઓ વાચકને જણાય તો તે બદલ ક્ષમા ચાહું છું. અહીં કરાયેલ વિષયનો ઉલ્લેખ વિશાળ અને જટીલ છે, જે વિશે લખતી વેળા મને ઘણી વખત જાણીતી ચીની કહેવતની એક પંક્તિ યાદ આવતી કે:

અંધકારને દોષ ન દો, પણ એને દૂર કરવા દીવો પ્રગટાવો